સત્યમેવ જયતે

કેસ દાખલ તારીખ:
રજી.થયા તારીખ:
ફેસલ કર્યા તારીખ: 14/12/2019
સમય ગાળો:વર્ષ ... માસ .... દિવસ ....

અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબર:૨૧, મુ.અમદાવાદ

ફો.કે.નંબર:
આંક-.....

ફરીયાદી:- શ્રી સરકાર.

વિરુદ્ધ.

આરોપી:-

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી
આરોપી તરફે વિ.વ. શ્રી

ગુનો : ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ -એએ

-:: જ જ મે ન્ટ ::-

૧. ફરિયાદપક્ષનાં કેસની ટુકમાં હકિકત એવી છે કે, આરોપી દેશી દારુ પોતાના કબજા માં રાખી મળી આવેલ જે અન્વયે આરોપી સામે તપાસ કરનાર અમલદાર ધ્વારા પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ ઈ મુજબ ચાર્જસીટ કરવામાં આવેલ .

૨. આમ સદર કામે આરોપી હાજર થતાં , આંક ૧ અન્વયે નો હુકમ નજર સમક્ષ રાખતા ગુજરાત સરકાર ધ્વારા જાહેરનામા ની દેશી દારુ બાબત નો ન્યુતમ જથ્થો નકિક

કરેલ તેના અનુસંધાને ૨૦ લીટર કરતા ઓછા જથ્થા બાબત માં ગુજરાત પ્રોહી.એક્ટની કલમ ૬૫(એ)(એ) લાગુ પડે ,જે અન્વયે આરોપી સામે આજ રોજ તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આરોપી નો જવાબ નોધવામાં આવેલ જે અન્વયે આરોપી દ્વારા જણાવામાં આવેલ છેકે તેઓ ને ગુનો કબુલ છે અને તેઓ નો પ્રથમ ગુનો છે તેમ જણાવી ઓછી સજા કરવા તેમજ રહેમ કરવા અરજ કરવામાં આવેલ છે.

૩. આમ સદર કામે આરોપી હાજર થતાં સદરહુ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનું તથા ગરીબ, કુટુંબ–કબીલાવાળા માણસ હોવાનું જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે. અને આરોપી દ્વારા જણાવવામાં આવેલ છે કે ''હવે થી હું દારુ કે અન્ય કેફી પદાર્થ નહિં વેચુ તેમજ જાહેર સ્થળ પર કે અન્ય સ્થળ પર ફરી આ મુજબ નો ગુનો હું નહિં કરું , અને તે ખાત્રી આપુ છું, વધુ માં આપ સાહેબ ને હું જાહેર કરું છું કે અગાઉ મે આ મુજબ ના ગુના માં સંડોવાયેલ નથી તેમજ અગાઉ મને આ મુજબ ના ગુના માં સજા કરવામાં આવેલ નથી , વધુ માં આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુન્હો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છિક જણાઈ આવે છે. તેમજ સદર કામે આરોપી સામે નો કેસ એ નવા પ્રોહીબીશન એક્ટ અન્વયે નો છે, તે ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ જી.એલ.આર. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશિત ચૂકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા, આરોપી ને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે. વધુ મા સદર કાયદા અન્વયે કલમ ૬૫એએ ધ્યાને લેતા વધુ માં વધુ સજા ૩ વર્ષ સુધી ની ઠરાવવામાં આવેલ છે જે અન્વયે અમુક નિશ્ચીત સજા કરવીજ તેમ જણાય આવતું નથી, આ સંજોગો મા સદર કામે આરોપી ને નિયત કરવામાં આવેલ સજા કરતા ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય આવે છે જેથી આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ આરોપી

ને કોર્ટ ઉઠતા સુધી ની સજા કરવી તેમજ આરોપી ને દંડ કરવો ન્યાયોચીત જણાય આવે છે , વધુ માં હાલના તબકકે નોધ લેવાની થાય કે આ મુજબ ના ગુનો ફરીથી આરોપી ન કરે તે માટે આરોપી નો નિયત સમય માટે ના જામીન તેમજ જાત મુચરકો રજુ કરવા હુકમ કરવાનો ન્યાયોચીત જણાય છે જે અન્વયે હાલ ના તબકકે ગુજરાત નશા બંધી કાયદો ૨૦૧૭ ની કલમ ૯૧ મુજબ નો પણ હુકમ કરવો ન્યાયોચીત જણાય આવે છે તેના અનુસધાને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**-:: હુકમ ::-**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ:૨૪૧ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ:૬૫એએ મુજબના ગુન્હામાં દોષીત ઠરાવી, સદરહુ ગુન્હો કરવા બદલ મજકૂર આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૧૦૦૦/- અંકે રૂપિયા એક હજાર દંડ નો હુકમ ફરમાવવામાં આવે છે, જો દંડ ન ભરે તો તેને દિવસ પાંચ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૨. બિનકીમતી મુદામાલ નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ટ્રાયલ દરમ્યાન આપવામાં આવેલ જામીન તેમજ જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા નો હુકમ કરવામાં આવે છે

આ હુકમ આજરોજ મેજિસ્ટ્રેટ તરીકેની સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા. ૧૪/૧૨/૨૦૧૯

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,અમદાવાદ
કોર્ટ નંબર ૨૧, Unique Code No. GJOO859.

Paid
R. No. 39.
2000/-

09V 834814
7CK 421059